**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે આરોપી **જયભાઈ ઉત્તમભાઈ ધો.પટેલ** વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી **આંક–૪** થી પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ તેમજ **આંક–૫** થી અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતાં અને વાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતાં હોઈ, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૩) આરોપી સામે એમ.વી એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)(ઈ) મુજબનાં ગુન્હાનુ તહોમત છે તેમજ આરોપીની **આંક–૫** ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/મોટી ઉંમરનો, ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળબચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તથા કુટુંબનાં સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં તેમને ઓછામાંઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

(૪) **<u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોરનાં</u>** કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતાં અને વાજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે અને સદરહું ચુકાદાનાં પાના નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે, તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતાં પણ ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને સજા અંગે વિધ્વાન એ.પી.પી.શ્રી. તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ, ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે એમ.વી એકટ કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦૦/– (અંકે રૂ.એક હજાર પુરા) તથા પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)(ઈ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂ.એકસો પુરા) એમ **કુલ્લે મળી રૂ.૧,૧૦૦/– (અંકે રૂ.એક હજાર એકસો પુરા)** નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તા.૧૧,માહે: જુલાઈ,સને ૨૦૨૬ ના રોજ કન્ટીન્યુઅસ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પારડી.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**(પી.એ.શર્મા)**
અધિક જયુ. મેજી.ફ. ક.,
પારડી.
**GJ-01670**